





# મોડાસાના લઘુમતી વિસ્તારના ૨૫૦૦થી વધુ ગ્રામજનો દાદરની બિમારીથી ત્રાહીમામ

અરવલ્લી જિલ્લા મુખ્ય મથક મોડાસા શહેરના નગરજનો અનેક મહામારી બિમારીમાં સપડાયા હોવાનું અને તેમાંથી કેટલાક વ્યકિતઓએ તો જીવ પણ ખોયાના અનેકવાર કિસ્સા નોંધાયા છે ત્યારે શિયાળાની ઋતુમાં વકરતા અને ચેપી ચામડીના દાદર નામના રોગે શહેરના લઘુમતિ વિસ્તારના ગીચ વસ્તી ધરાવતા અને સમુહમાં રહેતા ૨૫૦૦થી વધુ લોકોને ભરડામાં લેતા દાદરનો ભોગ બનેલા પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આખા શરીરે ખંજવાળ સાથે લાલ ચકામા ઉપસી જવાથી અને સતત ખંજવાળ આવતા દર્દીઓ સારવાર કરવા છતાં અંકુશમાં ન આવતા અને દિવસે ને દિવસે વધુ લોકો આ રોગનો ભોગ બનતા ગીચ વિસ્તારમાં રહેતા લોકો માટે આ બિમારી માથાના દુઃખાવા સમાન બની છે. મોડાસાના ચામડીના તબીબના જણાવ્યા મુજબ આ રોગના જીવાણુઓ ચેપી અને ઠંડી અને ભેજવાળા વાતાવરણમાં સક્રિય થતાં પ્રજાજનો આ રોગમાં પટકાય છે. આ રોગ અટકાવવા સાબુથી હાથ ધોવા, એકબીજાના કપડા ન પહેરવા અને નાહવા-ધોવાનો રૂમાલ વ્યકિતદિઠ જુદા જુદા વાપરવાથી આ રોગને અંકુશમાં લઈ શકાય છે.

## ...તુ પોલીસની નોકરી છોડી દે કહી પતિએ કારસ્તાન રચ્યુ

દિયોદર, તા. ૨૯

દિયોદર પંથકના એક ગામમાં રહેતી અને મહિલા પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતી એક પરિણીત યુવતિને તેનો પતિ અવાર-નવાર મારઝુડ કરતો હતો અને પોલીસની નોકરી છોડી દેવા ધાક-ધમકી આપતો હતો. પરંતુ પરણિત યુવતી હિંમત રાખી તેના પતિનો માનસિક ત્રાસ સહન કરતી હતી. પરંતુ નરાધમ પતિ અને તેના દિયરે પત્નીની કોઈ પણ જાતની આબરૂ રાખ્યા વિના તેના અશ્લિલ ફોટા વોટ્સ ઉપર મુકી દિધા હતા. જે ફોટા વોટ્સઅપ ઉપર ફરતા થતા મહિલા પોલીસ કર્મચારીએ આ બાબતની જાણ તેના પરિવારજનોને કરી હતી અને સોસીયલ મિડિયામાં ભોગ બનેલી પોલીસ મહિલાએ જ પોલીસની મદદ લીધી હતી અને નરાધમ પતિ અને દિયર વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે પતિ સહિત બે વ્યક્તિ વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. ત્યારે પતિના તેની પત્ની હોવા છતાં નરાધમ પતિએ ખરાબ કારસ્તાન રચતા સમગ્ર પંથકમાં પતિ સામે ફિટકાર વરસાવી રહ્યા છે.





## અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગનો સપાટો


અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા જિલ્લામાંથી ગેરકાયદે ખનિજનું વહન કરતા અને ખનન કરતા ભૂમાફિયાઓ સામે લાલ આંખ કરતા ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લા ખાણ ખનિજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર આલ્ફાન્સો ડિસોઝા અને તેમની ટીમે મોડાસા તાલુકાની ફુટા ગામના તળાવમાંથી શુક્રવારે બપોરે તળાવમાંથી ગેરકાયદેસર મોરમ ખનીજની ચોરી કરતા ૨ ટ્રેકટરો અને ૧ જેસીબી મશીનને ઝડપી પાડી ૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી જપ્ત કરાયેલા ૨ ટ્રેકટરો અને ૧ જેસીબી મશીન ટીંટોઈ ગામના સરપંચને ડીટેઈન કરવામાં આવ્યા હતા.

## ગાંઠીયોલમાં ઝેરી ઘાસચારો ખાતા ચાર પશુના મોત

ગાંઠીયોલના વાવડીનગરમાં રહેતા પ્રવિણભાઈ કાળાભાઈ ભરવાડ ગત તા. ૨૨ જાન્યુઆરીએ સીમમાં પશુઓને ચારીને પરત આવ્યા હતા ત્યારે અચાનક ત્રણ ગાયો અને એક વાછરડું તરફડીયા મારતા તરત જ પશુ ડોક્ટરને બોલાવી સારવાર કરાવી હતી. પરંતુ ચારેય પશુઓના ઝેરી ઘાસચારો ખાવાથી મોત નિપજ્યા હતા. ગામમાં થતી ચર્ચા મુજબ આ પશુઓને ઝેરી ઘાસચારાની અસર કેવી રીતે થઈ તે સમજાતું નથી. જોકે હાલ તો આ પશુપાલકને રૂ. ૧.૫૦ લાખનું નુકશઆન થયું હોવાનું કહેવાય છે.

## પોશીના પંથકમાં તસ્કરોનું રાજ એક જ રાતમાં ત્રણ સ્થળે ચોરી થતા પ્રજામાં ભય


પોશીના પ્રાથમિક શાળામાંથી ગત તા. ૨૫ જાન્યુઆરીના રોજ અજાણ્યા શખ્સોએ કોમ્પ્યુટર રૂમનું તાળુ તોડી રૂ. ૨૦ હજારની કિંમતનું કોમ્પ્યુટર ચોરી ગયા હતા. તેજ પ્રમાણે બુધવારે રાત્રે ગણેશનગરમાં આવેલ એક પાર્લર અને મસ્જિદની બાજુમાં આવેલ કરિયાણાની દુકાન તથા અન્ય એક કેબિનમાં પણ અજાણ્યા શખ્સોએ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જે અંતર્ગત તોસીફભાઈ છીપાના પાર્લરમાંથી અજાણ્યા શખ્સો રૂ. ૧૫ હજારની માલ-મત્તા ચોરી કરી લઈ ગયા હતા.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મુનાઈ ગામમાં આંગણવાડી કેન્દ્ર નંબર.૨ માં સતત બીજા દિવસે તાળાબંધી અંકબંધ રહેતા વહીવટી તંત્રમાં ખડભડાટ મચી ગયો છે.મુનાઈ ગામમાં આંગણવાડી કેન્દ્ર નંબર.૨ માં કાર્યકર ભરતી પ્રકરણ સંદર્ભે ગ્રામજનોએ તાળાબંધી કરતાં વહીવટી તંત્ર મુંઝવણમાં મુંકાઈ ગયું હોય તેમ લોકમુખે ચર્ચાય છે.મુનાઈ ગામમાં આંગણવાડી કેન્દ્ર નંબર.૨ માં ભરતી પ્રકરણનો મામલો ગરમાતા આંગણવાડી કેન્દ્રમાં અમુક ગ્રામજનો ધ્વારા તાળા કરાતાં વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું છે.મુનાઈ ગામના અમુક ગ્રામજનોમાં ભારે રોષ અને આક્રોશ ભભુકી રહ્યો હોવાનું પણ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.મુનાઈ ગામમાં નાના-નાના ભુલકાઓનું ભવિષ્ય હાલ તો અંધકારમય બની જવા પામ્યું હોય તેમ જાણવા મળેલ છે.

## હવે સ્માર્ટ હેલ્મેટ માણસનો જીવ બચાવવા માટે મદદરૂપ બનશે

સામાન્ય રીતે રોજબરોજ અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે તેમાં અનેક નિર્દોષ માનવ જિંદગીઓને ગંભીર ઈજા થયા બાદ સત્વરે સારવાર ન મળતા તેમના અકાળે અવસાન થાય છે. ત્યારે ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે ખુબ જ ઉપયોગી એવા સ્માર્ટ હેલ્મેટ સમર્થ કોલેજની એક ટીમે બનાવીને રજુ કરતા તે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ અંગે સમર્થ ગૃપ ઓફ કોલેજીસના ઈલેક્ટ્રીક વિભાગના સેમ-૮માં ભણતા યજ્ઞેશ પટેલ, પાર્થ કોઠારી, હિમેન દુધાત અને રોનક ઠુમ્મરે બનાવેલા સ્માર્ટ હેલ્મેટ અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે આ હેલ્મેટની અંદર એરડ્યુનોયુનો, એસ્સીલીરો મીટર, જીપીએસ અને જીએસએમ સિસ્ટમથી ખાસ ડીવાઈસ મુકવામાં આવ્યું છે અને તેમાં વાહન ચાલકનો અગત્યનો નંબર ફીડ કરવામાં આવે છે. જ્યારે કોઈ અકસ્માતની ઘટના બને ત્યારે આ સ્માર્ટ હેલ્મેટ વાહનચાલકના માથા ઉપરથી જો ૯૦ અંશના ખૂણે ફરશે તો તરત જ તેમાં ફીડ કરાયેલ મોબાઈલ નંબર જગ્યાના લોકેશન સાથે સામેની વ્યક્તિને માહિતી મળી શકશે. જેના આધારે આ વાહનચાલકને જો કોઈ ઈજા થઈ હોય તો તરત જ સારવાર મળે તેવી વ્યવસ્થા થઈ શકશે તેવો દાવો કરવામાં આવ્યો છે. વિરલ પટેલ, ભાવેશ પ્રજાપતિ, પરિતા વધુ અને ઉન્નતિ પટેલે આઈ.ઓ.ટી. (ઓટોમેટીક મીટર રીડીંગ સિસ્ટમ) આધારિત જીપીઆરએસના માધ્યમથી વિકસાવાયેલ આ સિસ્ટમને કારણે વીજ કંપનીને મીટર રીડીંગ લેવા માટે ઘરે ઘરે જવું પડશે નહિ, જે સીધુ જ વેબસાઈટ પર અપલોડ થઈ જશે.



મોડાસા તાલુકાના અતિ-પ્રાચીન અને સમગ્ર ગુજરાત રાજ્ય એ દેશના શિવભક્તોમાં વિશેષ મહત્વ ધરાવતા કુંઢેરા મહાદેવ મંદિરમાં મહંતના અનેરા માધસ્નાનના ટેકથી ભક્તોનો અવિરત પ્રવાહ ઉમટ્યો છે. કુંઢેરા મહાદેવના હઠયોગી મહંતે લોકકલ્યાણ અર્થે અતિ કઠિન ૪૧ દિવસ સુધી ૧૦૮ માટલાના બરફ જેવા ઠંડા પાણીથી કડકડતી ઠંડીમાં માધસ્નાનનો નિર્ણય ભક્તો સમક્ષ રજૂ કરતા ભક્તો પણ મહંતને પોતાના ટેકથી પાછા ફરવાની વિનવણી કરી પરંતુ માધસ્નાન દ્વારા માનવીનું કલ્યાણ અને મહત્વ જળવાઈ રહે તે માટે ગાત્રો થીજવતી ઠંડીમાં ધર્મેન્દ્રગીરી હઠયોગી મહંત સતત ૪૧ દિવસ સુધી માધસ્નાનની મેરેથોન સ્નાન શરૂ કરવામાં આવતા આ માધસ્નાનના હઠયોગના સમાચાર વાયુવેગે પ્રસરતા દરરોજ પરોઢે વહેલી સવારે મહંતના દર્શનાર્થે ભારે સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### તલોદમાં વિજયપદમ વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ધી તલોદ કેળવણી મંડળ તથા ગીતાંજલિ ટ્રસ્ટ દ્વારા વિજયપદમ વક્તૃત્વ સ્પર્ધા તા. ૨૩-૧-૨૦૧૬ને શનિવારના રોજ શ્રી સી.ડી. પટેલ હાઈસ્કૂલ તલોદમાં ડૉ. જગદીશભાઈ પટેલ (આચાર્ય એચ.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તલોદ)ના પ્રમુખ સ્થાને યોજાઈ.

સ્વ. શાન્તુભાઈ ચુનીભાઈ પટેલ પ્રાંતિજ-તલોદ તાલુકા પ્રાથમિક શાળા વિજયપદમ વક્તૃત્વ સ્પર્ધામાં શાળાકક્ષાએ અવર ઓન વિદ્યાવિહાર-પ્રાંતિજ પ્રથમ નંબર મેળવી ફરતો સીલ્ડ અને જ્ઞાનદિપ વિદ્યાવિહાર પ્રાંતિજને રૂ. ૨૫૦૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યુ હતુ. જ્યારે સંસ્કાર વિદ્યાલય પ્રાંતિજ શાળાએ રૂ. ૧૧,૦૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. સ્પર્ધક કક્ષાએ પટેલ પેક્ષાબેન મહેશભાઈ પોગલું પ્રાથમિક શાળા, પોગલુએ સુવર્ણ ચંદ્રક અને મોદી ખુશી હરેશભાઈ, જ્ઞાનદિપ વિદ્યાવિહાર, પ્રાંતિજે રોપ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

સ્વ. અંબુભાઈ દેસાઈભાઈ પટેલ પ્રાંતિજ-તલોદ તાલુકા માધ્યમિક અને ઉ.મા. શાળા વિજય પદમ વક્તૃત્વ સ્પર્ધામાં શાળાકક્ષાએ અવરઓન હાઈસ્કૂલ, પ્રાંતિજે પ્રથમ નંબર મેળવી ફરતો શિલ્ડ તથા રૂ. ૨૫,૦૦૦ રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. જ્યારે સુર્યોદય હાઈસ્કૂલ, આજણાં ગીરાએ રૂ. ૧૧,૦૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. સ્પર્ધક કક્ષાએ ઠાકર કિષ્ણા શાર્દુલકુમાર, અવરઓન હાઈસ્કૂલ, પ્રાંતિજે સુવર્ણ ચંદ્ર અને રબારી વર્ષા સહદેવભાઈ, સૂર્યોદય હાઈસ્કૂલ, આજણાં ગોરાએ રૌપ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

### મોડાસામાં રોહિત વેમુલાની આત્મ હત્યાના વિરોધમાં કેન્ડલ માર્ચ યોજાઈ

મોડાસા શહેરના હાર્દસમા વિસ્તાર ચારરસ્તા પર મોડાસા શહેરના દલિત સમાજના યુવાનો, અગ્રણીઓ અને મહિલાઓ દ્વારા હૈદરાબાદ યુનિવર્સિટી ખાતે દલિત સમાજના હોનહાર વિદ્યાર્થી અને પી.એચ.ડી.નો અભ્યાસ કરતા રોહિત વેમુલાને હૈદ્રાબાદ યુનિ. દ્વારા વેમુલા અને તેના સાથીઓને એબીવીપીના નેતા સુશીલકુમાર સાથે ઓગષ્ટ-૨૦૧૫ના મારામારીના કેસમાં દોષીત ઠરાવી બરતરફ કરવાનો નિર્ણય લેવાતા રોહિત વેમુલા જાતીવાદી માનસીકતાનો ભોગ બનતા તેજસ્વી કારકિર્દી ખોરંભે ચડતા લાગી આવતા આત્મહત્યા કરી લીધી હતી. જેથી મોડાસામાં રોહિત વેમુલાની આત્મહત્યા કરવા મજબુર કરનાર પરિબળોનો વિરોધ કરવા અને રોહિત વેમુલાને શ્રદ્ધાંજલિ અર્પવા કેન્ડલમાર્ચ યોજાઈ હતી. ડેમાં મડોસા શહેરના ૨૦૦થી વધુ દલિત સમાજના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# પાલનપુર નગરપાલિકાની વિવિધ કમિટિ રચતા શાસક પક્ષના નગરસેવકોમાં જ ભારે અસંતોષ

પાલનપુર, તા. ૨૯

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની પ્રથમ સાધારણ બેઠક યોજાઈ હતી. આ દરમિયાન વિપક્ષ કોંગ્રેસે પણ નિયમ વિરૂદ્ધ યોજાયેલ બેઠકને ગેરકાયદેસર ગણાવી રદ કરવાની માંગ સાથે બહિષ્કાર કરી કલેક્ટરને




રજૂઆત કરતા રાજકીય ગલીયારીઓમાં હલચલ મચી જવા પામી હતી. બાદમાં શાસક પક્ષ દ્વારા વિપક્ષની ગેર હાજરીનો લાભ ઉઠાવી કોઈપણ જાતની ચર્ચા કર્યા વિના એજન્ડા પરના ૧ થી ૩૪ કામોને ગણતરીની સેકન્ડોમાં મંજૂર કરી દેવામાં આવ્યા હતા અને અંતે વિવિધ કમિટિઓની રચના કરવામાં આવી હતી. જેમાં સિનિયર નગરસેવકનો બાદબાકી કરાતા અને નવા નિશાળીયા સમા નગરસેવકોને મલાઈદાર કમિટિઓ ફળવાતા ખુદ શાસક પક્ષના નગરમાં જ ભારે અસંતોષ જોવા મળ્યો હતો.

| | |
|---|---|
| કારોબારી સમિતિ | જયંતિલાલ એમ. પઢિયાર |
| ટાઉન પ્લાનીંગ કમીટી | સૂરજબેન એમ. ગઢવી |
| બાંધકામ | દશરથસિંહ જે. સોલંકી |
| પાણી પુરવઠા | શાંતિલાલ પી. પઢિયાર |
| સામાજિક ન્યાય સમિતિ | નાથીબેન પરમાર |
| ગુમાસ્તાધારા કમિટી | હેતલબેન રાવલ |
| ભૂગર્ભ ગટર | પાર્થસારથી પરમાર |
| અપીલ સર્વિસ | અલકાબેન ડી. પંચાલ |
| આઈ.ડી.એસ.એમ.ટી. | પરમેશ્વરીબેન ગેહોની |
| યુ.સી.ડી. | દેવેન્દ્ર રાવલ |
| વ્યવસાયવેરા | કુસુમબેન રાવલ |
| માનવ રાહત | સંતોકબેન એ. રાજપૂત |
| ગંદા વસવાટ | ચીમનલાલ સોલંકી |
| સ્ટ્રીટલાઈટ | અતુલ આર. જોષી (ચોકસી) |
| ઉત્સવ | જાગૃતિબેન મોઢ |
| બાગ-બગીચા | વૈશાલીબેન લીંબાચીયા |
| સેનીટેશન | ગીરીશભાઈ પરમાર |
| દબાણ | વિપુલ રાવલ |
| એ.ટી.એસ.આર.વાય. | જાગૃતિબેન વિપુલભાઈ મહેતા |
| ટ્રાન્સપોર્ટ | ભારતીબેન બી. ઠાકોર |

## ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડીનો પ્રકોપ ઓછો થતા પ્રજાજનોમાં રાહત

મોડાસા, તા. ૨૯

ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી હિમવર્ષા અને શિતલહેરોની અસર તળે ઉત્તર ગુજરાતમાં તાપમાનનો પારો ગગડતા શિયાળાના અંતિમ ચરણોમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળતા નાગરીકો ઠુંઠવાયા હતા. ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાનું જનજીવન પ્રભાવિત બનતા લોકોની હાલત કફોડી બની હતી. સતત અઠવાડિયાથી કાતિલ ઠંડીના ચમકારો અનુભવતા પ્રજાજનો ઉત્તર ગુજરાતના વાતાવરણમાં પલટો આવતા અને ઠંડીના ચમકારામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પીયત જમીનના લીધે ઠંડીનો ચમકારો યથાવત રહ્યો છે.



## સંક્ષિપ્ત સમાચાર

### મોડાસામાં લોકડાયરો યોજાયો

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપક્રમે રાજ્ય સરકાર તરફથી ગુજરાતના સુપ્રસિદ્ધ લોક કલાકારો દ્વારા લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદઘાટક કલેક્ટર અરવલ્લી




એસ. છાકછુઆક અને મુખ્ય મહેમાનો રણવિરસિંહ ડાભી અરવલ્લિ જિલ્લા ભાજપા પ્રમુખ, દિલિપસિંહ પરમાર પૂર્વ ધારાસભ્ય મોડાસા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સુધીર પટેલ જિલ્લા વિકાસ અધિકારી આર.એમ. કુચારા નાયબ ડી.ડી.ઓ. અરવલ્લી, વનીતાબેન પટેલ પ્રમુખ નગરપાલિકા મોડાસા હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ પારિતોષિક મેળવનાર વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી સન્માન કરવામાં આવ્યું. ડાયરામાં મુખ્ય કલાકાર હેમંત ચૌહાણ અને સંગીતા લાબડીયા, માધવ તપોધન, રવી શ્રીમાળી, પ્રવીણ મકવાણા તથા લોક સાહિત્યકાર ઘનશ્યામ ગઢવી તથા સાથી કલાકારો દ્વારા ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને ડાયરાની મોજ કરાવી હતી.

### મહેસાણા જિલ્લામાં ૪૦૬૧૦ 'મા વાત્સલ્ય' કાર્ડનું વિતરણ

મહેસાણા, તા. ૨૯

રાજ્ય સરકાર દ્વારા શહેરી અને ગ્રામીણ વિસ્તારના ૧ લાખ ૨૦ હજારની આવક ધરાવતા કુટુંબોના આરોગ્યની સુવિધા માટે મા વાત્સલ્ય યોજના શરૂ કરી છે. આ કાર્ડ હેઠળ હૃદય, કીડની, કેન્સર, નવજાત શિશુઓના ગંભીર રોગો, ગંભીર ઈજાઓ, બર્ન્સ અને મગજના રોગોની સારવાર માટે ૨ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરવામાં આવે છે.

આ યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં મોબાઈલ કિયોસ્કનું લોકાર્પણ કરાયું હતું. મંત્રી રમણલાલ વોરાના હસ્તે પ્રજાસત્તાક દિવસે ૧ મોબાઈલ વાન અને ૩ કિટની શુભારંભ કરાયો હતો. મહેસાણા જિલ્લામાં ૪૨૩૨૭ કુટુંબોની નોંધણી કરી ૪૦૬૧૦ કાર્ડનું વિતરણ કરાયું છે.